dakshinayan
UNIVERSITY NEWS LETTER દક્ષિણાયન

B++ NAAC Accredited University
VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY

March 2009 | For private circulation only | Vol. 01 - Issue 05

Innovation can be a critical driver of increased productivity and competitiveness and ultimately poverty alleviation.

World Bank Study on Innovation.

In the race to the top slot,... the only way to stay ahead is to innovate.

Prof. Vijay Govindrajan

Innovation is the 'necessary core competence' to remain competitive in the new landscape.

Prof. C.K. Prahalad

# દીપે અરુણું પરભાત

પ્રિય વાચક મિત્રો,

પ્રાચીન સિંધુખીણની સંસ્કૃતિથી લઈ આધુનિક સમય સુધી ગુજરાત તેના ચિંતનના શીલ અને અસ્મિતાને સાચવવા તથા સંસ્કારવા માટે એક આગવી પરંપરા માટે જગવિખ્યાત છે. ગુજરાતના લોકો સ્વપ્નીલ સામાજિક ઉદ્યોગ સાહસિકતા તથા નવીકરણને ઝડપથી આત્મસાત કરવામાં હમેશાં અગ્રેસર રહ્યા છે. દેશની સ્વાવલંબન અને આર્થિક સમૃધ્ધિની કૂચમાં હમેશાં ગુજરાતે નેતૃત્વ પૂરું પાડયું છે. શાંતિપૂર્વકની સામાજિક-આર્થિક ક્રાંતિના રોલ મોડલ તરીકે ગુજરાત સમકક્ષોમાં અવ્વલ રહ્યું છે. ગુજરાતની ચિંતન પરંપરાના પ્રણેતા કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યથી શરૂ કરીને રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી સુધીની પરંપરાએ હમેશાં નવીકરણના ખ્યાલને સહજ જીવનશૈલી બનાવવા અપ્રતિમ પુરુષાર્થ થકી નવનીત ઉપલબ્ધ કરાવ્યું છે. વૈશ્વિક ફલક પર ગુજરાત 'વિકાસ એન્જિન'ની ભૂમિકા બરાબર ભજવી શકે તે માટે તાજેતરમાં ગુજરાત સરકારે ફેબ્રુઆરી-૨૦૦૯ની વિધાનસભામાં 'ગુજરાત શૈક્ષણિક નવીકરણ આયોગ વિધેયક-૨૦૦૯' પસાર કરી સમગ્ર દેશને ધ્યાન કેન્દ્રીકરણ (FOCUS) કેવી રીતે લાવી શકાય તેનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડયું છે.

'ધી ગુજરાત એજ્યુકેશનલ ઈનોવેશન્સ કમિશન બિલ-૨૦૦૯'ને મહામહિમ ગવર્નર દ્વારા મંજૂરીની મહોર લાગતાં નોટિફિકેશનથી આ કાયદો અસ્તિત્વમાં આવશે. સમગ્ર કાયદાની વિવિધ જોગવાઈઓ છ પ્રકરણની ૩૫ કલમોમાં સમાવિષ્ટ છે. પ્રકરણ એકમાં ટૂંકી સંજ્ઞા અને આરંભ તથા વ્યાખ્યાઓનો સમાવેશ થાય છે. બીજા પ્રકરણમાં ગુજરાત શૈક્ષણિક નવીકરણ આયોગની સ્થાપના, સંસ્થાપન અને રચના અંગેની જોગવાઈઓ જેમાં આયોગના કારોબારી અધ્યક્ષ તથા બીજા સભ્યોની નિયુકિત, આયોગના અધિકારીઓ અને કર્મચારીઓ વિગેરે દર્શાવ્યા છે. ત્રીજા પ્રકરણમાં આયોગના ઉદ્દેશો, કાર્યો અને સત્તા વિષે જોગવાઈ કરેલ છે. આયોગના નાણા, હિસાબો, ઓડિટ અને વાર્ષિક અહેવાલની જોગવાઈઓ પ્રકરણ ચારમાં સમાવેલ છે. જુદી જુદી શૈક્ષણિક નવીકરણ પરિષદો, તથા સમિતિઓની રચના, કાર્યો, સત્તા સોંપણી તથા અધ્યેતાઓ (FELLOWS) અંગેની જોગવાઈઓ ત્યારબાદના પ્રકરણમાં સમાવિષ્ટ કરેલ છે. છેલ્લા પ્રકરણમાં પ્રકીર્ણ બાબતો જેવી કે આયોગ અથવા પરિષદ સાથે વ્યકિતઓનું કામચલાઉ જોડાણ, હુકમો, સરકારની સત્તા, પત્રકો અને માહિતી, પેટા-કાયદા કરવાની સત્તા, વિગેરે બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

ગુજરાત રાજયમાં શૈક્ષણિક નવીકરણ સંકલ્પના, સંશોધનકાર્ય અને તેના અમલીકરણને પ્રોત્સાહન આપવા માટે ગુજરાત શૈક્ષણિક નવીકરણ કમિશનની સ્થાપના કરવા માટે ઘડી કાઢવામાં આવેલ કાયદાના સ્ટેટમેન્ટ ઓફ ઓબ્જેકટ એન્ડ રીઝન્સમાં દર્શાવ્યું છે : આજની પ્રવર્તમાન શિક્ષણપ્રથાની સ્થિતિમાં નવીકરણની આવશ્યકતા છે. શિક્ષણ ક્ષેત્રમાં સંકળાયેલા લોકો એવા ઉચિત સુધારાની હિમાયત કરી રહયા છે જેનાથી આધુનિક ભારતના વિદ્યાર્થીઓની બહુઆયામી જરૂરિયાતો સંતોષી શકાય. આવા પરિવર્તનો ત્યારે જ શકય બને જયારે બાળકો અને યુવાનોનું શ્રેય સમાજના ધ્યાન પર કેન્દ્રસ્થાને હોય. સર્વગ્રાહી પ્રકારના શિક્ષણને અને શિક્ષણના વિવિધ તબકકાઓ વચ્ચેના અનિવાર્ય આંતરસંબંધો ઉપરાંત રાષ્ટ્રવાદ, વિશ્વભાવના, બાળકેન્દ્રી શિક્ષણ, મૂલ્યનિષ્ઠ શિક્ષણ અને કૌશલ્યલક્ષી શિક્ષણને સ્પર્શતા ધ્યેયો, પધ્ધતિઓ અને વિષયવસ્તુને લક્ષમાં રાખવામાં આવે તો જ સુધારાવાદી વિચારો ફળદાયી નીવડે.

જ્ઞાનના પ્રસારની પ્રક્રિયા સમૃધ્ધ કરવા માટે સંચાર તકનિકના અદ્યતન વિકાસનો ઉપયોગ કરવો જરૂરી છે. માનવસર્જનલક્ષી શિક્ષણ અને સંકલિત શિક્ષણ ઉપરાંત હાથ, હૈયા અને માનસનો સંતુલિત વિકાસ સુનિશ્ચિત કરવા માટે

વિવિધ પધ્ધતિઓનો વિકાસ જરૂરી છે. આ માટે વૈજ્ઞાનિક, દાર્શનિક, સૌંદર્યલક્ષી, નૈતિક અને આધ્યાત્મિક અનુસરણનો સામંજસ્યપૂર્ણ સુમેળ કરવો આવશ્યક બને છે. ભારત અને વિશ્વના અગ્રેસર શિક્ષણવિદો દ્વારા હાથ ધરવામાં આવેલ શૈક્ષણિક સંશોધનોને એકત્ર કરવાની અને તેમને સ્થાયી ધોરણે માર્ગદર્શન આપવાની આવશ્યકતા રહેતી હોય છે. આવા ઉદ્દેશો સિધ્ધ કરવા માટે ગુજરાત સરકારે આ કમિશનની રચનાને વૈધાનિક સ્વરૂપ આપ્યું છે. કાયદાની કલમ-૧૫માં કમિશનના ઉપરોકત ઉદ્દેશોને સમાવવામાં આવ્યા છે.

કમિશનના મુખ્ય કર્તવ્યો કલમ-૧૬માં દર્શાવ્યા મુજબ કમિશન શિક્ષણ અને જ્ઞાનના ક્ષેત્રમાં એવા નવતર પ્રસ્તાવોની સંકલ્પના કરીને તેના પર પ્રયોગો કરશે અને તેનો અમલ કરશે કે જેથી તેનું રૂપાંતર આયોગના ઉદ્દેશ્યોને ઉત્તેજન આપે તેવા શિક્ષણના ઉદ્દેશો, વિષયવસ્તુ અને પધ્ધતિઓમાં થાય. કલમ-૧૬ (૨)માં આયોગના કાર્યોને ચૌદ બાબતોમાં સાંકળી લઈ સ્પષ્ટતા કરાઈ છે કે : પૂર્વવર્તી કાર્યની વ્યાપકતાને બાધ આવ્યા સિવાય, આયોગ કાર્યો બજાવશે. આ કલમમાં નવીકરણને શિક્ષણનો એક ભાગ બનાવવા માટે અતિ-ઉત્કૃષ્ટ શિક્ષણના ધ્યેયોનું જતન કરવા, શિક્ષણની પ્રક્રિયા તથા વિષયવસ્તુ, શિક્ષકોના શિક્ષણ તથા તાલીમ સંસ્થાઓ, મૂલ્યાંકન, સંશોધન, ઉત્તેજન વિગેરે થકી નવીકરણ દાખલ કરી વિદ્યમાન શિક્ષણની વ્યવસ્થાના પૂરક અથવા વિકલ્પ તરીકે નવી શિક્ષણ પધ્ધતિ વિકસાવવાની બાબતનો સમાવેશ થાય છે. કલમ-૧૭ની જોગવાઈ મુજબ આયોગને નવીકરણ માટે જરૂરી તંત્ર ઊભું કરવા માટેની સત્તાઓ આપવામાં આવી છે. આમાં સૌથી અગત્યની સત્તા વિવિધ પરિષદોની રચના કરવા અંગેની છે.

કાયદાના પ્રકરણ પાંચની કલમ-૨૨માં શૈક્ષણિક નવીકરણ પરિષદોની રચના અને કલમ-૨૩માં વિવિધ સમિતિઓની રચના કરવાની જોગવાઈઓ આવરી લેવાઈ છે. આયોગ દ્વારા ચાર શૈક્ષણિક નવીકરણ પરિષદો રચવામાં આવશે, જેમાં (૧) વિજ્ઞાન, ટેકનોલોજિ અને વ્યવસાયિક અભ્યાસક્રમોને લગતા નવીકરણ માટેની પરિષદ; (૨) ભાષાઓ, માનવ-વિદ્યાઓ, મૂલ્યનિષ્ઠ શિક્ષણ, સમાજોપયોગી કાર્ય, કલા, હસ્તકલા અને સંગીત, નાટ્ય, નૃત્ય જેવા અન્ય સાંસ્કૃતિક અભ્યાસક્રમોમાં નવીકરણ માટેની પરિષદ; (૩) અધ્યાપનશાસ્ત્રની પધ્ધતિઓમાં નવીકરણ માટેની પરિષદ અને (૪) શારીરિક શિક્ષણમાં નવીકરણ માટેની પરિષદ. દરેક પરિષદ માટે નામાંકિત શિક્ષણવિદ્દોમાંથી ચાર વિદ્ધાનોને આયોગ નિયુકત કરશે. આ ઉપરાંત આયોગ દ્વારા વિવિધ કાર્યો માટે આયોગના સભ્યો/પરિષદના સભ્યો અથવા બન્નેમાંથી પાંચથી વધુ ન હોય તેટલા સભ્યોની એક અથવા વધુ સમિતિઓ બનાવશે. સમિતિના તથા પરિષદના સભ્યોની નિયંત્રિત સંખ્યા ઝડપી નિર્ણયો લેવામાં તથા ધ્યેય તરફ ઝડપી ગતિ કરવામાં મદદરૂપ થશે.

આ ઉપરાંત શૈક્ષણિક નવીકરણમાં સંશોધન કરવાના હેતુ માટે, કલમ-૨૪માં અધ્યેતાઓ (Felloship)ની એક યોજના રજૂ કરવામાં આવી છે. ફેલોશિપની યોજનામાં પચાસથી વધુ ન હોય તેટલા ફેલોઝની નિયુકિત કરશે. દરેક ફેલો પોતાને સોંપેલ શૈક્ષણિક નવીકરણને લગતા વિષય પર સંશોધન કરશે. આ માટે પરામર્શ જૂથ, સેમિનાર, કાર્યશાળા તથા અધિવેશનનું આયોજન કરી શકાશે. અધ્યેતા પોતાને સોંપાયેલ વિષય પર સંશોધન કરી મહાનિબંધ તૈયાર કરશે. શરૂઆતમાં ફેલોશિપ એક વર્ષની રહેશે, જે જરૂર મુજબ વધુ એક વર્ષ માટે લંબાવી શકાશે.

કમિશનને પોતાનું અલગ ભંડોળ તથા નાણાકીય સ્વાતંત્ર્ય કલમ-૧૮ની જોગવાઈથી પ્રાપ્ત થાય છે. આયોગને રાજય સરકાર બજેટની જોગવાઈથી સહાય પૂરી પાડશે. બજેટ સત્રની નાણાકીય યાદી મુજબ માનનીય શિક્ષણમંત્રીશ્રીના પ્રસ્તાવ મુજબ શરૂઆતમાં આયોગને રૂા. પાંચ કરોડની વાર્ષિક ગ્રાન્ટની જોગવાઈ રાજયના એકત્રિત ફંડમાંથી કરવાની માગણી સ્વીકારાઈ છે.

સૌથી મહત્ત્વની બાબત એ છે કે, ગુજરાત શૈક્ષણિક નવીકરણ કમિશનના અધ્યક્ષ સ્થાને રાજયના મુખ્યમંત્રી અને ઉપાધ્યક્ષ તરીકે રાજયના શિક્ષણમંત્રી હોદ્દાની રૂએ રહેશે. સરકારી તંત્રમાં યોગ્ય સંકલન બની રહે તે માટે શિક્ષણ વિભાગ, નાણા વિભાગ, પ્રાથમિક શિક્ષણના સચિવ એમ ત્રણ સચિવો સભ્ય તરીકે રહેશે. રાજયની યુનિવર્સિટીઓમાંથી વારાફરતી એક કુલપતિ, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના અધ્યક્ષ, શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદના નિયામક, એ ત્રણ વ્યકિતઓ પણ હોદ્દાની રૂએ સભ્ય બનશે. અન્ય ચાર વિવિધ ક્ષેત્રોના નિષ્ણાત વ્યકિતઓને સભ્ય તરીકે આમંત્રિત કરવામાં આવશે. આમ, કમિશન કુલ બાર સભ્યોનું બનશે. હોદ્દાગત સભ્યો સિવાયના પૂર્ણકાલીન પગારદાર સભ્યો રહેશે. જેમનો પગાર તથા અન્ય સવલતો, ગુજરાત સરકારના અગ્ર સચિવના હોય તેનાથી નિમ્ન નહીં હોય.

ઉપરોકત તમામ બાબતોથી સંપૂર્ણ સ્પષ્ટતા મળે છે કે ગુજરાતની પ્રગતિશીલ કર્તવ્યનિષ્ઠ સરકાર માત્ર પોકળ વચનો આપી ભ્રમણાઓ ફેલાવતી નથી. પરંતુ નકકર આયોજન દ્વારા ગુજરાત ''જ્ઞાનશકિત''ના ક્ષેત્રે અગ્રેસર કેવી રીતે બની શકે તેની સ્પષ્ટ ઝાંખી આ બિલમાં જોવા મળે છે. સારા વહીવટનો હોલમાર્ક છે. FOCUS.. (ધ્યાન કેન્દ્રિકરણ). અને તે મારફત અનુવર્તિત પગલાં. ગુજરાત સરકારના આ પગલાથી શિક્ષણક્ષેત્રે ચોકકસ ''FOCUS'' આવશે અને તેને વ્યવહારમાં લાવી શકાશે તે નિ:શંક છે.

૫ માર્ચ, ૨૦૦૯

પ્રો. (ડો.) બી.એ. પ્રજાપતિ
કુલપતિ

# યુનિવર્સિટી

## New Telephone No.

| Name | Extension No. | Direct No. |
|---|---|---|
| Vice Chancellor | | |
| Prof.(Dr.)B.A.Prajapati | 1000 | 2203000 |
| | | 2203001 |
| P.A. to V.C. | | |
| Mr.A.N. Bhavsar | 1002 | 2203002 |
| Pro Vice Chancellor | 1003 | 2203003 |
| | 1004 | 2203004 |
| P.A. to P.V.C. | | |
| Mrs.R.N.Mangirmalani | 1005 | 2203005 |
| Registrar | 1006 | 2203006 |
| Shri J.R. Mehta | 1007 | 2203007 |
| P.A. to Registrar | | |
| Mr. J.J. Rana | 1008 | 2203008 |
| Dean, C.D.C. | | |
| Dr. K.M. Pandya | 1015 | 2203015 |
| Deputy Registrar | | |
| Mr.J.K.Vanparia | 1009 | 2203009 |
| Deputy Registrar | | |
| Mr. R.C. Khadiya | 1010 | 2203010 |
| Deputy Registrar | | |
| Dr. K.A. Patel | 1011 | 2203011 |
| University Librarian (I/c.) | | |
| Mr. B.J. Ankuya | 1077 | 2203077 |
| Central Library,Admn. | 1076 | 2203076 |
| Assistant Registrar | | |
| Mr. H.D. Vaghela | 1012 | 2203012 |
| Assistant Registrar | | |
| Mr. P.C. Bacharwala | 1013 | 2203013 |
| Exam.Controller | | |
| Mr.A.V.Dhaduk | 1051 | 2203051 |
| A.C.D.C. Center (Narmad Bhavan) | 1066 | |
| Examination Section | | |
| Computer Room | 1062 | 2203056 |
| A-Branch | 1056 | to |
| Arts & Science Branch | 1057 | 2203062 |
| Convocation | 1058 | |
| Marksheet | 1059 | |
| Re-assesment | 1060 | |
| CRC | 1061 | |
| O.S.Exam., Mrs. K.I.Patel | 1054 | 2203054 |
| Exam.Computer Branch | 1055 | 2203055 |
| Exam. Reform Unit, Mr. N.J. Surti | 1063 | 2203063 |
| Exter. Exam. Unit: | | |
| Mr.Devendra Patel | 1064 | 2203064 |
| Mr. Roman Bhatia | 1064 | 2203064 |
| Director, P.F. & Y.W. | | |
| Mr. David Paul | 1016 | 2203016 |
| Asstt. Director, P.F.& Y.W. | 1017 | |
| Mr.Kapil Shukla | 1040 | 2203017 |
| N.S.S.Officer/Section, | 1038 | 2203038 |
| Mr. A.N.Malaviya | 1039 | 2203039 |
| University Engineer (I/c.) | | |
| Mr.Deepak R. Desai | 1020 | 2203020 |
| Estate | 1018 | 2203018 |
| Mr.K.K.Surti | 1019 | 2203019 |
| | 1021 | 2203021 |
| Academic. I/c. O.S. Mr.J.K.Patel | 1028 | 2203028 |
| Chief Account Officer (I/c) | | |
| Mr.G.N. Ice creamwala | 1029 | 2203029 |
| Dy.Accountant, (I/c.) Mrs.R.S.Desai | 1030 | 2203030 |
| Despatch. Mr.Bhoyabhai | 1023 | 2203023 |
| General, O.S.,Mrs.P.R.Gamit | 1022 | 2203022 |
| Legal, O.S. (I/c), Mr.K.J.Patel | 1024 | 2203024 |
| S.C.S.T., O.S., Mrs.L.G.Gamit | | |
| P.G., O.S. Mr. N.M.Patel | 1025 | 2203025 |
| Syndicate, O.S. Mr.A.I.Desai | 1026 | 2203026 |
| U.G.C. Mrs.Y.A.Dasadia | 1027 | 2203027 |
| Accounts: | | 2203031 |
| Bills | 1031 | |
| Grant | 1032 | |
| Cash | 1033 | |
| PF | 1037,1035 | |
| Parking-(Cash) | 1036 | |
| Auditor | 1034 | |

## POST GRADUATE DEPARTMENTS

| | | |
|---|---|---|
| Humanities Building, | | |
| O.S. Mrs.B.B.Desai | 1085 | 2203085 |
| Comparative Literature | | |
| Dr.Damyantiben Parmar | 1086 | 2203086 |
| English | | |
| Dr.E.V.Rakrishnan | 1087 | 2203087 |
| Education Buildings | 1093 | 2203093 |
| Dr. S.G. Shah | 1094 | 2203094 |
| D.B.I.M.,Lab.2256072, (D)2211412 | 1100 | 2203100 |
| Dr.Renuka Garg | 1101 | 2203101 |
| Placement Officer, Dr.D.B.Purohit | 1102 | 2203102 |
| Science Building (Office) | 1108 | 2203108 |
| Physics. Prof.K.C.Poria | 1109 | 2203109 |
| Statistics. Dr.R.D.Patel | 1110 | 2203110 |
| Maths.P.H.Bhathawala | 1111 | 2203111 |
| Hostel Warden | | |
| Dr.S.K.Tank (Boys) | 1083 | 2203083 |
| Kapila Manoj | 1084 | 2203084 |
| University Boys Hostel | 1081 | 2203081 |
| University Girls Hostel | 1082 | 2203082 |
| Bapalal Vaidya Building | | |
| Dr.M.H.Parabia | 1126 | 2203126 |
| Aquatic Biology (Office) | 1117 | 2203117 |
| Dr.Mohini Ghadia | 1118 | 2203118 |
| Bio-Science | 1124 | 2203124 |
| Dr.M.H.Parabia | 1125 | 2203125 |
| USIC | 1131 | 2203131 |
| Dr.V.G. Joshi | 1132 | 2203132 |
| Chemistry Building | | |
| Dr.P.Bahadur | 1133 | 2203133 |
| M.R.S. Bhavan-Rural Studies | 1139 | 2203139 |
| | 1140 | 2203140 |
| | 1141 | 2203141 |
| M.C.& Journalism | | |
| Dr. Kalpna Rao | 1147 | 2203147 |
| Computer Centre (MCA/DCA) | 1151 | 2203151 |
| Dr.Apurva Desai | 1152 | 2203152 |
| MLW/MHRD Bhavan | | |
| Dr.K.M. Pandya | 1156 | 2203156 |
| Dr.D.G.Thakore | 1157 | 2203157 |
| Health Centre | | |
| Dr.S.B.Naik | 1161 | 2203161 |
| Social Science Building | 1162 | 2203162 |
| Economic | | |
| Dr.S.Ragothaman | 1163 | 2203163 |
| M.B.E. | | |
| Dr.S.S. Rao | 1164 | 2203164 |
| Public Admn | | |
| Dr.Venkatraman | 1165 | 2203165 |
| M.S.W.Sociology Deptt. | 1166 | |
| Dr.Suguna Pathy | 1167 | 2203166 |
| J.P.Dawar Instt.of M.Sc.(IT) | | |
| Prof.S.V.Patel | 1173 | 2203173 |
| Union Bank of India | | 2227229 |
| Security Main Gate | 1180 | 2203180 |
| EPABX Board, Telephone Operator | 1181 | 2203181 |
| Vice Chancellor | Fax 0261-2223078 | |
| Registrar | Fax 0261-2227312 | |
| Exam. Controller | Fax 0261-2227148 | |

# ૩૯મો યુવક મહોત્સવ અને ખેલકૂદ રમતોત્સવ

## એથ્લેટીક મીટનું પરિણામ

**1500m(બહેનો)** ૧. ચૌધરી નર્મદા એમ., આર્ટ્સ - કોમર્સ કોલેજ, વ્યારા ૨. ભોયા દુર્ગા પી., વનરાજ આર્ટ્સ - કોમર્સ કોલેજ, ધરમપુર ૩. ચૌધરી કાશ્મિરા સી., આર્ટ્સ : કોમર્સ કોલેજ, માંડવી.

**ચક્રફેંક(ભાઈઓ)** ૧. જૈન પારસમલ યુ., સી.પી.ડી. કોલેજ ઓફ પી.ઈ., રાજપીપલા ૨. મકરાની અનિસ વાય., શાહ કોમર્સ કોલેજ, વલસાડ ૩. દેસાઈ ચિરાગ આર., જે.ડી. ગબાણી કોમર્સ કોલેજ, સુરત. **ગોળાફેંક (બહેનો)** ૧. મૈસુરીયા એચ. આર., એસ.આર. સ્કૂલ ઓફ સ્પોર્ટ્સ, મહુવા ૨. ચિમોડીયા જયશ્રી એસ., વનરાજ આર્ટ્સ કોમર્સ કોલેજ, ધરમપુર ૩. કામાણી નિલમ ડી., આર્ટ્સ કોમર્સ કોલેજ, અમરોલી. **લાંબીકૂદ (ભાઈઓ)** ૧. પટેલ ચેતન એમ., એમટીબી આર્ટ્સ કોલેજ, સુરત ૨. રાઠોડ અમિત પી., એસ.બી. ગાર્ડા કોલેજ, નવસારી ૩. વસાવા દિપ્તેશ એલ., એસ.આર. સ્કૂલ ઓફ સ્પોર્ટ્સ, મહુવા. **ગોળાફેંક (ભાઈઓ)** ૧. પઠાણ આદિલ આર., આર્ટ્સ - કોમર્સ કોલેજ, વ્યારા ૨. મલેક વાસિમ એ., એસ.પી.બી. ઈંગ્લીશ મિડિયમ કોમર્સ કોલેજ, સુરત ૩. કલ્સારીયા અમિત બી., આર્ટ્સ - કોમર્સ કોલેજ, ચોવીસી. **5000m (ભાઈઓ)** ૧. ચૌધરી મોજેશ જે., વનરાજ આર્ટ્સ - કોમર્સ કોલેજ, ધરમપુર ૨. ભોગ્યા વિઠ્ઠલ કે., શ્રીમતિ જે.પી. શ્રોફ આર્ટ્સ કોલેજ, વલસાડ ૩. ચૌધરી કૌશિક આર., મો.દે. આર્ટ્સ - કોમર્સ કોલેજ, બુહારી. **3000m (બહેનો)** ૧. ભોયા કૈલાસ બી., વનરાજ આર્ટ્સ - કોમર્સ કોલેજ, ધરમપુર ૨. ભોયા દુર્ગા પી., વનરાજ આર્ટ્સ - કોમર્સ કોલેજ, ધરમપુર ૩. ટંડેલ રોશની વી., એસ.આર. સ્કૂલ ઓફ સ્પોર્ટ્સ, મહુવા. **લાંબીકૂદ (બહેનો)** ૧. વસાવા ગાયત્રી એન., સી.પી.ડી. કોલેજ ઓફ પી.ઈ., રાજપીપલા ૨. ચૌધરી મનિષા એન., આર્ટ્સ - કોમર્સ કોલેજ, માંડવી ૩. ચૌધરી મનિષા જી., આર્ટ્સ - કોમર્સ કોલેજ, માંડવી. **હથોડાફેંક (ભાઈઓ)** ૧. કલ્સારીયા અમિત બી., આર્ટ્સ - કોમર્સ કોલેજ, ચોવીસી ૨. યાદવ નાગેન્દ્ર એસ., સરસ્વતી હિંદી મહાવિદ્યાલય, સુરત ૩. પઠાણ આદિલ આર., આર્ટ્સ - કોમર્સ કોલેજ, વ્યારા. **ચક્રફેંક (બહેનો)** ૧. મૈસુરીયા એચ. આર., એસ.આર. સ્કૂલ ઓફ સ્પોર્ટ્સ, મહુવા ૨. ખત્રાણી અસ્મિતા બી., ડિપાર્ટમેન્ટ ઓફ ઈકોનોમિકસ, સુરત ૩. પટેલ પ્રિતિ વી., એસ.આર. સ્કૂલ ઓફ સ્પોર્ટ્સ, મહુવા. **1500m (ભાઈઓ)** ૧. કુંવર ઉમેશ જી., વનરાજ આર્ટ્સ - કોમર્સ કોલેજ, ધરમપુર ૨. ચૌધરી મોજેશ જે., વનરાજ આર્ટ્સ - કોમર્સ કોલેજ, ધરમપુર ૩. પટેલ કિરીટ ટી., વી.એસ. પટેલ આર્ટ્સ - સાયન્સ, બિલિમોરા. **ઊંચીકૂદ (ભાઈઓ)** ૧. પટેલ બિપિન એસ., સી.પી.ડી. કોલેજ ઓફ પી.ઈ., રાજપીપલા ૨. પટેલ ચેતન એમ., એમ.ટી.બી. આર્ટ્સ કોલેજ, સુરત ૩. જોષી શ્યામ જે., વિવેકાનંદ કોલેજ, સુરત **400m દોડ (બહેનો)** ૧. રાંદેરીયા ઉપાસના એમ., જે.પી. ડાવર ઈન્સ્ટી.ઓફ સાય. એન્ડ ટેકનો., સુરત ૨. ગામીત નિમિષા એ., આર્ટ્સ - કોમર્સ કોલેજ, વ્યારા ૩. ચૌધરી મનિષા આર., આર્ટ્સ - કોમર્સ કોલેજ, વ્યારા **ટ્રીપલજમ્પ(ભાઈઓ)** ૧. પટેલ ચેતન એમ., એમ.ટી.બી. આર્ટ્સકોલેજ, સુરત ૨. રાઠોડ અમિત પી., એસ.બી. ગાર્ડા કોલેજ,નવસારી ૩. ગામીત ભાવિક આર., એસ.આર. સ્કૂલ ઓફ સ્પોર્ટ્સ, **110m વિઘ્નદોડ (ભાઈઓ)** ૧. પટેલ જયકુમાર પી. શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડ ૨. વસાવા પ્રકાશ એ., આર્ટ્સ - કોમર્સ કોલેજ, વ્યારા ૩. ગામીત મુકેશ જી., આર્ટ્સ - કોમર્સ કોલેજ, વ્યારા **400m વિઘ્નદોડ(ભાઈઓ)** ૧. પટેલ ચેતન એમ., એમ.ટી.બી. આર્ટ્સ કોલેજ, સુરત ૨. વસાવા દિપ્તેશ એલ., એસ.આર. સ્કૂલ ઓફ સ્પોર્ટ્સ, મહુવા ૩. ચૌધરી સુભાષ એલ., મો.દે. આર્ટ્સ - કોમર્સ કોલેજ, બુહારી. **બરછીફેંક (બહેનો)** ૧. ચિમોડીયા જયશ્રી એસ., વનરાજ આર્ટ્સ -કોમર્સ કોલેજ,ધરમપુર. ૨. મૈસુરિયા એચ. આર., એસ.આર. સ્કૂલ ઓફ સ્પોર્ટ્સ, મહુવા. ૩. પટેલ તેજલ ડી., જે.પી. પારડીવાલા કોલેજ, કિલ્લાપારડી. **ઊંચીકૂદ (બહેનો)** ૧. બોરકર વિજેતા પી., એમ.ટી.બી. આર્ટ્સ કોલેજ, સુરત. ૨. ચૌધરી મનિષા એન., આર્ટ્સ - કોમર્સ કોલેજ, માંડવી. ૩. ચૌહાણ સપના એસ., ઝેડ.એફ. વાડીયા વિમેન્સ કોલેજ, સુરત. **400m (ભાઈઓ)** ૧. ખલાસી કપિલ એચ., સી.પી. ડીગ્રી કોલેજ ઓફ પી.ઈ., રાજપીપલા. ૨. કુંવર ઉમેશ જી., વનરાજ આર્ટ્સ - કોમર્સ કોલેજ, ધરમપુર. ૩. ગામીત સંજય કે., સી.પી. ડીગ્રી કોલેજ ઓફ પી.ઈ., રાજપીપલા. **1000m (ભાઈઓ)** ૧. ચૌધરી મોજેશ જે., વનરાજ આર્ટ્સ - કોમર્સ કોલેજ, ધરમપુર. ૨. ભોગ્યા વિઠ્ઠલ કે., જે.પી. શ્રોફ આર્ટ્સ કોલેજ, વલસાડ. ૩. રાઠોડ ઉત્તમ કે., વનરાજ આર્ટ્સ - કોમર્સ કોલેજ, ધરમપુર. **800m (બહેનો)** ૧. રાંદેરીયા ઉપાસના એચ., જે.પી.ડાવર ઈન્સ્ટી. ઓફ ઈન્ફો.સાયન્સ એન્ડ ટેકનો. સુરત. ૨. ચૌધરી નર્મદા એચ., આર્ટ્સ - કોમર્સ કોલેજ, વ્યારા. ૩. ચિમોડીયા જયશ્રી એસ., વનરાજ આર્ટ્સ - કોમર્સ કોલેજ, ધરમપુર. **ટ્રીપલજમ્પ(બહેનો)** ૧. ચૌધરી મનિષા એન., આર્ટ્સ - કોમર્સ કોલેજ, માંડવી. ૨. વસાવા ગાયત્રી એન., સી.પી.ડી. કોલેજ ઓફ પી.ઈ., રાજપીપલા. ૩. ચૌધરી મનિષા જી., આર્ટ્સ - કોમર્સ કોલેજ,માંડવી. **બરછીફેંક (ભાઈઓ)** ૧. મહેતા હિમાંશું એન., એસ.આર. સ્કૂલ ઓફ સ્પોર્ટ્સ,મહુવા. ૨. નિકમ રાકેશ વી., શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડ. ૩. ગામીત મુકેશ જી., આર્ટ્સ - કોમર્સ કોલેજ, વ્યારા. **800m (ભાઈઓ)** ૧. કુંવર ઉમેશ જી., વનરાજ આર્ટ્સ - કોમર્સ કોલેજ, ધરમપુર. ૨. ખલાસી કપિલ એચ., સી.પી.ડી. કોલેજ ઓફ પી.ઈ., રાજપીપલા. ૩. પટેલ કિરીટ ટી., વી.એસ.પટેલ કોલેજ ઓફ આર્ટ્સ એન્ડ સાયન્સ બિલીમોરા. **200m (બહેનો)** ૧. બોરકર વિજેતા પી., એમ.ટી.બી. આર્ટ્સ કોલેજ, સુરત. ૨. વસાવા ગાયત્રી એન., સી.પી.ડી. કોલેજ ઓફ પી.ઈ., રાજપીપલા. ૩. ગામીત નિમિષા એ., આર્ટ્સ - કોમર્સ કોલેજ, વ્યારા. **200m (ભાઈઓ)** ૧. પટેલ ચેતન એમ., એમ.ટી.બી. આર્ટ્સ કોલેજ, સુરત. ૨. વસાવા દિપ્તેશ એલ., એસ.આર. સ્કૂલ ઓફ સ્પોર્ટ્સ, મહુવા. ૩. પટેલ ધર્મેશ જી., સી.પી.ડી. કોલેજ ઓફ પી.ઈ., રાજપીપલા. **4x400m રીલે (ભાઈઓ)** ૧. સી.પી.ડી. કોલેજ ઓફ પી.ઈ., રાજપીપલા. ૨. આર્ટ્સ - કોમર્સ કોલેજ, વ્યારા. ૩. વનરાજ આર્ટ્સ - કોમર્સ કોલેજ, ધરમપુર. **100m (ભાઈઓ)** ૧. પટેલ ચેતન એમ., એમ.ટી.બી. આર્ટ્સ કોલેજ, સુરત. ૨. પટેલ ધર્મેશ જી., સી.પી.ડી.કોલેજ ઓફ પી.ઈ., રાજપીપલા. ૩. વસાવા દિપ્તેશ એલ., એસ.આર. સ્કૂલ ઓફ સ્પોર્ટ્સ, મહુવા. **100m (બહેનો)** ૧. બોરકર વિજેતા પી., એમ.ટી.બી. આર્ટ્સ કોલેજ, સુરત. ૨. વસાવા ગાયત્રી એન., સી.પી.ડી. કોલેજ ઓફ પી.ઈ., રાજપીપલા. ૩. ગામીત નિમિષા એ., આર્ટ્સ - કોમર્સ કોલેજ, વ્યારા. **4x100m રીલે (ભાઈઓ)** ૧. સી.પી.ડી. કોલેજ ઓફ પી.ઈ., રાજપીપલા. ૨. એસ.આર. સ્કૂલ ઓફ સ્પોર્ટ્સ, મહુવા. ૩. આર્ટ્સ - કોમર્સ કોલેજ, વ્યારા. **4x100m રીલે (બહેનો)** ૧. આર્ટ્સ - કોમર્સ કોલેજ, વ્યારા. ૨. સી.પી.ડી. કોલેજ ઓફ પી.ઈ., રાજપીપલા. ૩. આર્ટ્સ - કોમર્સ કોલેજ,માંડવી.



## સ્પર્ધા

આંધ્ર યુનિવર્સિટી, વિશાખાપટનમ મુકામે આંતર યુનિવર્સિટી વેઈટ લીફટીંગ એન્ડ પાવર લીફટીંગ (ભાઈઓ) ટુર્નામેન્ટમાં ભાગ લેવા જનાર ભાઈઓનો શુભેચ્છા સમારંભ મા. કુલપતિશ્રીના પ્રમુખ પદે અને બોર્ડ ઓફ સ્પોર્ટસના ચેરમેન શ્રી દિપકભાઈ આફ્રીકાવાળા તથા કુલસચિવશ્રી જે.આર. મહેતાના અતિથિ વિશેષ પદે યુનિવર્સિટી પરિસર ખાતે યોજાયો હતો. મહાનુભાવોએ યુનિવર્સિટીનું નામ રમત-ગમત ક્ષેત્રે કીર્તિમાન કરવા ખેલાડીઓને શુભેચ્છા પાઠવી, યુનિવર્સિટી ટીમમાં પસંદગી પામનાર ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા. નિયામક શ્રી પોલ ડેવિડે ખેલાડીઓનો પરિચય કરાવ્યો હતો અને આભારવિધિ કરી.

આ ટીમને કોચ શ્રી અમીત રાઠોડે કોચીંગ આપ્યું હતું અને મેનેજર તરીકે શ્રી ભાવેશ દેવતા સેવા આપી રહ્યા છે.



# અનુસ્નાતક

## શિબિર

સમાજશાસ્ત્ર વિભાગમાં માસ્ટર ઓફ સોશ્યલ વર્ક પ્રોગ્રામનાં વિદ્યાર્થીઓ દ્વારા તા. ૧૧/૨/૦૯ ના રોજ યુનિ. કેમ્પસ ખાતે રકતદાન શિબિર તથા સીકલએલ એનિમિયાની ચકાસણીના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે સિન્ડિકેટ મેમ્બર શ્રી દિપકભાઈ આફ્રિકાવાલાએ ઉપસ્થિત રહી કાર્યક્રમને સમાજ સેવાના એક ભાગરૂપે બીરદાવી ફેકલ્ટી તેમજ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પુરૂ પાડયું હતું.

કો-ઓર્ડિનેટર ડૉ. સુગુણા પાથી તેમજ રેખા એન. મિસ્ત્રીના માર્ગદર્શન હેઠળ MSWના વિદ્યાર્થી મૌલિક પટેલ, ટેલર દિપાલી, હલારી લલીત, પટેલ પ્રજ્ઞાએ ટીમ લીડરશીપ તેમજ અન્ય સ્વયંસેવકોના સહયોગ દ્વારા પ્રચાર તેમજ કાર્યક્રમનું આયોજન સફળતાપૂર્વક કર્યું. આ કાર્યક્રમમાં ખૂબ સારા પ્રમાણમાં રકતદાતાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ 79 units of blood સંગ્રહ કરવામાં સહકાર આપ્યો હતો. તેમજ વિદ્યાર્થીઓએ સીકલએલ એનિમિયાનું ટેસ્ટીંગ પણ કરાવ્યું હતું. સીકલએલ એનિમિયા કાઉન્સેલીંગ પ્રોગ્રામનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં ન્યુ સિવિલ હોસ્પીટલનાં બ્લડ્ બેંકનો તેમજ સીકલએલ એનિમિયાના સ્ટાફે સેવા આપી હતી.

## પરિસંવાદ



- Two days National Seminar on 'Women. Violence and Society :Challenges for Restoration of 'Space' was organized in the Dept. of Sociology, Feb. 20-21, 2009. Hon. V.C. Dr. B.A. Prajapati inaugurated the Seminar and Incharge Director Dr. Sugama Pathy gave welcome address. Dr. Maithreyi Krishnaraj, a reputed Scholar in Women Studies & former Director Women's Study Research Centre (WSRC) SNDT Uni., Mumbai gave keynote address. Almost 12 papers were presented from variours parts of the country.
- સમાજશાસ્ત્ર વિભાગના માસ્ટર ઓફ સોશ્યલ વર્ક પ્રોગ્રામના વિદ્યાર્થીઓ માટે તા. ૧૬-૧-૨૦૦૯ના રોજ 'લર્નિંગ ડિસએબીલીટી અવેરનેસ એન્ડ મેનેજમેન્ટ' વિષય ઉપર Dr. Bermadette Mclean, The Principal of Helen Ankell Dyslexia Center, UKએ તજજ્ઞ તરીકે સેવા આપી હતી. ફેકલ્ટી રેખા એન. મિસ્ત્રીએ વર્કશોપના કો-ઓર્ડિનેટર તરીકે સેવા બજાવી.
- સમાજશાસ્ત્ર વિભાગના માસ્ટર ઓફ સોશ્યલ વર્ક પ્રોગ્રામનાં કો-ઓર્ડિનેટર ડૉ. સુગુનાપાથી અને ફેકલ્ટી રેખા એન. મિસ્ત્રીના માર્ગદર્શન હેઠળ 'ઈન્ડિયા રેનલ ફાઉન્ડેશન' સંસ્થાના સહયોગથી તા. ૪/૧૨/૦૮ના રોજ 'કિડનીના રોગો અટકાવવાના ઉપાયો તેમજ ઈલાજો' વિષય પર મલ્ટી મીડીયા પ્રોજેકટર દ્વારા MSW તથા MAના વિદ્યાર્થીઓ માટે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં

MSWના વિદ્યાર્થીઓ રોહન જોષી અને સુનયના ખાનવીલકરે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. અંતે IRFના પ્રોજેકટ ઓફીસર જાગૃતીબેન ઝવેરીએ વિદ્યાર્થીઓ સાથે પ્રશ્નોત્તરી કરી હતી.

## Seminar - Green Chemistry




યુનિવર્સિટીના રસાયણ વિભાગના નેતૃત્વ હેઠળ તા. ૬ થી ૮ ફેબ્રુઆરી ૨૦૦૯ સુધી રાષ્ટ્રીય કક્ષાના ''ગ્રીન કેમેસ્ટ્રી'' અધિવેશનનું આયોજન કરવામાં આવ્યું. આ અધિવેશનમાં ભારતમાંથી આશરે ૩૫૦ જેટલા પ્રતિનિધિઓએ ભાગ લીધો. આ અધિવેશનમાં સમગ્ર ભારતના ''ગ્રીન કેમેસ્ટ્રી'' ના તજજ્ઞો દ્વારા પ્લેનેરી વ્યાખ્યાન, ઈનવાઈટેડ લેકચર, ઓરલ તેમજ પોસ્ટર પ્રેઝન્ટેશન થઈ આશરે ૨૨૫ જેટલા સંશોધનપત્રોનું વાંચન કરવામાં આવેલ. આ સંશોધનપત્રોનું મુખ્યત્વે રાસાયણિક પ્રક્રિયા દરમ્યાન પર્યાવરણને હાનિકર્તા પ્રક્રિયકોની જગ્યાએ ૨૧મી સદીના નવા પ્રકારના પ્રક્રિયકો, શૈક્ષણિક તેમજ ઔદ્યોગિક ઉત્પાદનમાં નવીનત્તમ પ્રક્રિયાઓના વિકાસ માટે કેવી રીતે વધારે સારી ઉપયોગ થઈ શકે તે માટેની ચર્ચા વિચારણા થઈ હતી. તા. ૬ ફેબ્રુઆરી ૨૦૦૯ ને સવારે ૧૦:૦૦ કલાકે કોમ્પ્યુટર સાયન્સ વિભાગમાં રસાયણ વિભાગ દ્વારા ઉદ્‌ઘાટન સમારંભ યોજાઈ ગયો. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે શ્રી જી.પી. મહાપાત્ર, મેનેજીંગ ડાયરેકટર, ગુજરાત આલ્કલીસ એન્ડ કેમીકલ્સ લી. વડોદરાથી આવ્યા હતા. તેમણે તેમનાં પ્રવચનમાં જણાવેલ કે યુનિવર્સિટીના રસાયણ વિભાગે ઔદ્યોગિક એકમો સાથે જોડાણ કરી યુનિવર્સિટી ઈન્ડસ્ટ્રીઝ લીંકેજ ધ્વારા કન્સલ્ટન્સી કરી પ્રોજેકટ લઈ ઔદ્યોગિક એકમોના રાસાયણિક પ્રદૂષણ તેમજ ટેકનોલોજી ટ્રાન્સફર વગેરેનાં પ્રશ્નોમાં આગવું પ્રદાન કરવું જોઈએ. તેમણે વધુમાં જણાવેલ કે વાઈબ્રંટ ગુજરાતમાં જે કાંઈ રોકાણ થયું છે તેમાંથી ૫૦ ટકા જેટલું રોકાણ કેમીકલ્સ બાબતમાં દક્ષિણ ગુજરાતમાં થવાનું છે. આથી રસાયણ ભવન આગામી દિવસોમાં મહત્વનો ભાગ ભજવી શકે તેમ છે. અતિથિ વિશેષ તરીકેથી ડો. ટી. રાજામન્નારે કે જેઓ સન ફાર્માસ્યુટીકલ લી. વડોદરાના ઉપપ્રમુખ તરીકે કાર્ય કરી રહેલ છે. તેમણે જણાવેલ કે ગ્રીન કેમેસ્ટ્રી ૨૧મી સદીમાં ખુબ જ મહત્વનું છે. ગ્રીન કેમેસ્ટ્રીનાં રચનાત્મક ઉપયોગથી નવીનતમ પ્રક્રિયાનો વિકાસ કરી માનવ જીવન વધારે સરળ બનાવી શકાય. ઓર્ગેનાઈઝીંગ સેક્રેટરી ડો. બી. ટી. ઠાકરે મહેમાનોનું તથા ભારતભરનાં પ્રતિનિધિઓનું સ્વાગત કરેલ અને જણાવેલ કે સુરતમાં આ કોન્ફરન્સમાં ગ્રીન કેમેસ્ટ્રીને લગતી ચર્ચા કરવામાં આવશે. રસાયણ વિભાગનાં અધ્યક્ષ શ્રી. પી. બહાદુરે પ્રવચનમાં માનનીય કુલપતિ શ્રી પ્રો. બી. એ. પ્રજાપતિ, શ્રી જી. પી. મહાપાત્ર, ડો. ટી. રાજામન્નાર તથા કુલસચિવશ્રી જે. આર. મહેતાનો પરિચય આપી વિભાગની સવિસ્તાર માહિતી આપેલ હતી. માનનીય કુલપતિ શ્રી પ્રજાપતિએ અધ્યક્ષ સ્થાનેથી જણાવેલ કે ગ્લોબલ વોર્મિંગના કારણે માનવજાતને કલ્પના બહારના પરિવર્તનો જોવા મળે છે. જેવા કે સુનામી, ધરતીકંપ તેમજ ઉષ્ણતામાનમાં ફેરફારને કારણે પૂર વિગેરે જેવી ઘટનાઓ માનવજાત માટે ખુબજ ગંભીર છે. આવા તબકકે ગ્રીન કેમેસ્ટ્રીનું અધિવેશન યોજવા બદલ રસાયણ વિભાગને અભિનંદન આપેલ.

પ્રો. કે. સી. પટેલ, કો-ઓર્ડીનેટરે આભારવિધિ કરતાં જણાવેલ કે રાષ્ટ્રીય કક્ષાના ગ્રીન કેમેસ્ટ્રીનું અધિવેશન સૌ પ્રથમવાર થઈ રહેલ હોવાથી દક્ષિણ ગુજરાતનાં ઔદ્યોગિક એકમોને ઘણી જ મદદરૂપ થઈ પડશે. વધુમાં તેમણે હાજર રહેલ સૌ મહેમાનોનો, અધિવેશનને સફળ બનાવવા માટે કાર્ય કરી રહેલ સૌ કર્મચારીનો અને દાતાશ્રીઓનો આભાર વ્યકત કર્યો હતો. સમગ્ર કાર્યક્રમમાં યુનિવર્સિટીના ભુતપૂર્વ કુલપતિશ્રી પ્રેમકુમાર શારદા, સિન્ડિકેટ સભ્યશ્રી પ્રો. શશીકાંત શાહ, પ્રો. વિનોદભાઈ પટેલ તેમજ હોશંગ મીરઝા ઉપસ્થિત રહયા હતાં. કોન્ફરન્સના ભાગ લઈ રહેલ સૌ પ્રતિનિધિઓમાંથી કેટલાંક પ્રતિનિધિઓએ કોન્ફરન્સમાં આવેલ ટેકનીકલ સત્રો, પોસ્ટરો પ્રેઝન્ટેશન ખાવા-પીવાની તેમજ રહેવાની સગવડો વિશે ખુબ જ પ્રશંસા કરી સદરહુ કોન્ફરન્સની ખુબ જ મહત્તા જણાવેલ હતી. કોન્ફરન્સનો સમાપન કાર્યક્રમ યુનિવર્સિટીના સક્રિય સિન્ડિકેટ સભ્ય શ્રી દિનેશભાઈ દાસાના મહેમાન પદે યોજવામાં આવ્યો હતો. શ્રી  દિનેશભાઈ દાસાએ જણાવેલ કે પ્રદૂષિત થએલ હવા, પાણી અને ખોરાક માટે આપણે સૌ જવાબદાર છીએ. આથી પ્રવર્તમાન પર્યાવરણને દૂષણ મુકત કરવા સૌની જવાબદારી છે, અને પર્યાવરણની સુરક્ષા એ આપણી જ જવાબદારી છે. શ્રી દિનેશભાઈ દાસાનું પ્રવચન ખૂબ જ સુંદર માહિતી સભર તેમજ વૈજ્ઞાનિક ઢબનું હતું. વિભાગના વડા તેમજ કોન્ફરન્સના ચેરમેન પ્રો. પી. બહાદુરે કોન્ફરન્સમાં આવેલ તજજ્ઞો, યુનિવર્સિટીના સત્તામંડળ, વહીવટીતંત્ર, રિસર્ચ સ્કોલર તેમજ વિભાગના સૌ શૈક્ષણિક તેમજ બિન શૈક્ષણિક સ્ટાફનો આભાર વ્યકત કર્યો હતો. કાર્યક્રમનું સંચાલના શ્રી જે. એચ. પરતીવાલાએ કર્યું.

## વ્યાખ્યાન

The 2nd lecture in the "Dr. B.I. Sheth endowment fund - Nobel Prize in Physics Lecture Series" under the auspices of the Indian Physics Association, Surat Chapter was delivered by Prof. S. Uma Sankar on 21-February-2009 in the Department of Physics, VNSGU, Surat. Prof. Uma sankar who is an eminet High Energy Particle Physicist is from the department of Physics at Indian Institute of Technology, Mumbai. Prof Uma Sankar talked about the Nobel Prize in Physics awarded for the year 2008 which was awarded to three Physicists jointly. Half of the award went to Prof. Yochirco Nambu of Enrico Fermi Institute at the University of Chicago, *"for the discover of the mechanism of spontaneous broken symmetry in subatomic physics."* The second half of the prize was shared between Makoto Kobayashi of High Energy Accelerator Research Organization and Toshihide Maskawa of the Yukawa Institute of theoretical Physics, Kyoto Univ., Japan *"for the disovery of the origin of the broken symmentry which predicts the existence of at least three families of quarks in nature."* These very complicated subjects were explained in a very simple and beautiful manner, surprisingly, without the use of any mathematics by Prof Uma Sankar to an audience comprising teachers and students from the University and Colleges and other members of the IPA, Surat Chapter. Dr. S.S. Godre, Secretary of the chapter gave introduction of the speaker. Dr. B.I. Shah was also present on the occation.

# સંલગ્ન કોલેજ

## આરોગ્ય



વિદ્યાભારતી ટ્રસ્ટ કોલેજ ઓફ એજયુકેશન, ઉમરાખે 'થેલેસેમિયા અને એઈડ્સ જાગૃતિ અભિયાન' માટે ટેલિવિઝન દ્વારા કાર્યક્રમ કર્યો. બંને શાળાના આચાર્યશ્રીઓએ આ કાર્યક્રમ એમની શાળામાં કરવા બદલ ગૌરવ લીધું અને વધુ સફળતા માટેની શુભેચ્છાઓ આપી. શિક્ષણને સમાજ સુધી લઈ જઈ, સમાજ સાથે વધુ ઘનિષ્ઠ સંબંધો કેળવવાના હેતુસર આ કાર્યક્રમ તૈયાર કરવા બદલ ઈ.ચા. આચાર્યશ્રી આનંદભાઈ ભટ્ટે પ્રા.શ્રી અરૂણભાઈ ટંડેલ અને પ્રશિક્ષણાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## ગ્રંથાલય

શેઠ સી. ડી. બરફીવાલા કોલેજ ઓફ કોમર્સ ગ્રંથાલયના ઉપક્રમે ગ્રંથપાલ હેમાંગિની દેસાઈના માર્ગદર્શન હેઠળ ચાલતા ''મને ગમતું પુસ્તક'' તથા ''ગોલ્ડન સ્ટડી સર્કલ'' અન્વયે શ્રેષ્ઠ વાચકનો એવોર્ડ પ્રતિ વર્ષ આપવામાં આવે છે. ૨૦૦૮-૦૯નો એવોર્ડ ટી.વાય.બી.કોમ ના વિદ્યાર્થી શ્રી દેવકર ધીરજને એનાયત કરવામાં આવ્યો.

# વાચન વિશેષ

## પુસ્તક પરિચય

**જયોતે ને પાટે રે પ્રગટયા અલખધણી**

સંપાદક : ડૉ. નાથાલાલ ગોહિલ. અમદાવાદ : નવભારત સાહિત્ય મંદિર, ૨૦૦૩. રૂા. ૨૨૫, પૃ. ૩૨૪.

ખંડ-૪માં વિસ્તરણ પામેલો આ ગ્રંથ ડૉ. નાથાલાલ ગોહિલ, નરોત્તમ પલાણ, મકરન્દ દવે, ડૉ. રાજેન્દ્રસિંહ રાયજાદા, ડૉ. મનોજ રાવલ, ડૉ. દલપત પઢિયાર, કનુભાઈ જાની, ડૉ. સત્યબાળા પઢિયાર, દલપત ચૌહાણ, ડૉ. નિરંજન રાજયગુરુ, પાણગિરિ ગોસ્વામી, ડૉ. ભગવાનદાસ પટેલ, ડૉ. બળવંત જાની, રમેશ સાગઠીયા, ફારૂક શાહ અને હસુ યાજ્ઞિક જેવા સંશોધકો અને વિધ્વત લેખકોની કલમનો એક અદભૂત પ્રસાદ છે. જેનું સંપાદન પ્રસિધ્ધ સંશોધક ડૉ. નાથાલાલ ગોહિલનું છે. આ ગ્રંથના ખંડ:૧ માં પાટઉપાસના : ઈતિહાસ અને રહસ્ય. આ ખંડમાં કુલ આઠ પ્રકરણો પૈકી (૧) પાટઉપસાના અને તેનો ઈતિહાસ, (૨) મહામાર્ગ-બીજમાર્ગ, (૩) પાટપૂજામાં પ્રતીકો અને રહસ્યો, (૪) પાટઉપાસના પરિભાષા અને પરંપરિત અર્થઘટન, (૫) પાટઉપાસના અને વિધિ, (૬) શબ્દની કોળી, લોકવિદ્યાના ક્ષેત્રમાં અધ્યાત્મ પરંપરા, (૭) પાટઉપાસનામાં જતિસતી, અને (૮) પાટઉપાસના અને નરસિંહ ઉત્સવનો સમાવેશ કરવામાં આવેલ છે.

ખંડઃ ૨-પંથ-પંથની પાટઉપાસના : વિધિ અને વિધાન. આ ખંડમાં કુલ : પાંચ પ્રકરણ પૈકી (૧) પાટઉપાસના અને રામદેવપીર, (૨) રામદેવપીરનો પાટ અને કચ્છની પાટપરંપરા, (૩) આદિવાસી પાટપરંપરા, (૪) સદગુરુ લાલ ગેબી અને પાટઉપાસના, અને (૫) ઈસ્માઈલી નિજારી ખોજા પંથની પાટઉપાસના પધ્ધતિનો સમાવેશ કરવામાં આવેલ છે.

ખંડઃ ૩માં રામદેવપીર : સ્વાધ્યાય અને સંશોધનમાં પણ પાંચ પ્રકરણ પૈકી (૧) રામદેવપીર ચરિત્ર અને સાહિત્ય, (૨) રામદેવપીર અને મંડપ ઉપાસના, (૩) રામદેવપીરનાં મંદિરો એક આલેખ, (૪) રામદેવપીર વિષયક રાજસ્થાની સાહિત્ય, અને (૫) રામદેવપીરપંથી ભજનવાણીનો સ્વરદેશ સંગૃહિત છે.

ખંડઃ ૪-પાટવિધિઃ સંતવાણી અને લોકવાણીમાં મહાપંથી પાટઉપાસનાની કંઠસ્થ પરંપરાની વાણી, લે. નાથાલાલ ગોહિલ. અને ડૉ. નિરંજન રાજયગુરુએ ભજનસાહિત્ય : સંદર્ભસૂચિ આપેલ છે. જે આ ક્ષેત્રમાં સંશોધનકાર્ય કરવા ઈચ્છતા સૌકોઈને સંબંધિત સાહિત્યની માહિતી ઉપલબ્ધ કરવા માટે પર્યાપ્ત છે.

''જયોતે ને પાટે રે પ્રગટયા અલખધણી'' એ મહાપંથી ભજન સાધના જયોતે ને અજવાળે થાય છે. આ એક આદિમ ઉપાસના અને લોકધર્મ સંસ્કૃતિ છે. વૈદિક, જૈન, બૌધ્ધ કે વૈષ્ણવ ધર્મસંસ્કૃતિ કરતાં તે ભિન્ન છે છતાં દરેક ધર્મ તરફ તેને સમભાવ રહયો છે. એટલે તો આ પંથની સાધનાના કોઈ પણ મંત્રને અંતે બોલાય છે કે -

' સાંઈકું સલામ, ગુરુકું પ્રણામ, નાથજીકું આદેશ,
કાપડીકું જી નામ, સબગતકું જે જે સીતારામ...
ગતગંગાકું આદેશ...'

આ પંથપરંપરા પ્રજાપતિ, સુથાર, લુહાર, દરજી, મોચી, ભરવાડ, કોળી, આહિર, મેર, ખાંટ, ખારવા અને અસ્પૃશ્ય કોમના મેઘવાળ, વણકર, ચમાર, હાડી અને રૂખિ સમાજમાં ચાલી રહી છે. જે સમાજને શાસ્ત્રજ્ઞાન મળ્યું નથી તેમનો લોકધર્મ ગુરુમુખી ભજનવાણી દ્વારા સચવાઈ રહયો છે. પાટઉપાસનામાં આ જયોતિપાટનો રક્ષક-કોટવાળ વણકર જ્ઞાતિનો ખીમડીયો કોટવાળ હતો. મહાપંથી રૂપાંદે-માલદેવ રાજપૂત રાજા-રાણી હતાં ને છતાં તેમના ગુરુ મેઘમારુ મેઘવાળ હતા. આ પંથી માને છે કે જીવમાત્ર સમાન છે. માનવ, પશુ, પંખી અને વનસ્પતિ પણ રજ અને બીજથી ઉત્પન્ન થયાં છે અને બીજના રહસ્યને જાણી લેવાથી, રજ અને બીજને ઉર્દવગામી કરવાની ગુરુમુખી ભજન પ્રક્રિયા કરવાથી પરમ ધામ સુધી પહોંચી જવાય છે.

પાટઉપાસના સ્ત્રી-પુરુષની સંયુકત અને સામૂહિક એવી વિશિષ્ટ તંત્ર સાધના છે. પાટ, જયોત, ભજન વિશેની સમજનાં ઘણાં દ્વાર ખુલી જાય છે. મહાપંથ, તંત્ર-સાધના, રહસ્યવાદ, પાટપૂજામાં પ્રતીકો, ક્રિયાને વિધિ વિષેની વિગતો તેનાં સાંકેતિક અર્થો, પાટ, ધર્મબીજ, પંચદેવ, દસ ચોરસ, ૬૪ ચોરસ જેવા પાટ પ્રતીકોની સમજ આપવામાં આવેલ છે. પાટઉપાસનામાં સાધના, રહસ્ય, ગૂઢવિધિઓ, પરંપરાઓ, કચ્છમાં ચાલતી પાટપરંપરાને 'ધણી બાવાનો' પાટ કે 'પંચમિયો' પાટ, કચ્છમાં 'સાદો' પાટ, 'એક પ્રહર'નો પાટ, 'બે પ્રહરનો' પાટ અને 'સુરજ સાખિયો' પાટ અને દલિતસમાજમાં ચાલી રહેલા બે પ્રકારની પાટપધ્ધતિ પૈકી 'બીજમારગી' રામદેવપીરપંથી જયોત' પાટઉપાસના અને 'નરસંગ' પાટોત્સવ જેને 'લિંબુનો પાટ'ની વિસ્તૃત સમજ ભાવકોને આપવામાં આવેલ છે.

પાટઉપાસનાની સાતમી સદી, સાહિત્યિક ઉલ્લેખો, પાટઉપાસનામાં પાટ, પાટપૂજાના પુરાવશેષો, ખોજા નિજારીપાટ, રામદેવજી-મહાપાટ, રામદેવજી સંબંધી પુરાવશેષો, પિત્તળના ઘોડા અને ભીંતચિત્રો, પાટઉપાસનાનું પતન, મહામાર્ગ-બીજધર્મ, પંચદેવ,

૧૦ ચોરસ-૬૪ ચોરસ, સતી, માંસ-મદિરા, નાગ, કળશ, સનાતન ધર્મ, તારાતંત્ર, કોરી-પાવર-કલિલ, પાટઉપાસનાની વ્યાખ્યા અને તેની શબ્દાવલીના અર્થ, પાટ-પ્રકાર જેવા કે પંચનામી પાટ, વિસા પાટ, જયોતિ કે જયોત પાટ, નરસિંહ પાટ, પ્યાલાઓ વિષે, જયોત સળગાવતાં બોલવાનાં મંત્ર, જયોત વર્ણન, મહાપંથ અને તેની ગૂઢ પરંપરા, મહાપંથનું તત્વજ્ઞાન, મહાપંથના ભજનો, મારકુંડ ઋષિનાં ભજનો, સૌરાષ્ટ્રના સંતોમાં પ્રાણીકલ્યાણની ભાવના, રાજસ્થાનમાં અલખ ઉપાસના, શિયાપંથી મુસ્લિમ ધર્મપ્રચારકોનું આગમન, સતપંથ, સદાધર્મનો પ્રચાર, રાવળ મલ્લિનાથ અને કાંબડિયા પંથ, આદિવાસી પાટપરંપરા, સદગુરુ લાલ ગેબી અને પાટઉપાસના અને તેમના ધર્મધામો, ઈસ્માઈલી નિજારી ખોજાપંથની પાટઉપાસના પધ્ધતિ, મહાપંથ પાટઉપાસનાની આરતી તેમજ ભજનોની રજૂઆત આ ગ્રંથમાં કરવામાં આવેલ છે.

રામદેવપીરનાં આગમવાણી-આગમ પ્રમાણ, મેંહદી પ્રમાણ, મેઘડી પ્રમાણ અને રામદેવપીરનાં ચોવીસ પ્રમાણ, રામદેવપીર અને મંડપ ઉપાસના, સૌરાષ્ટ્રમાં આવેલાં રામદેવપીરનાં મંદિરો, રામદેવપીર વિષયક રાજસ્થાની સાહિત્ય, નિર્ગુણ-નિરાકાર જયોતની ઉપાસના સાથે સગુણ-સાકાર લોકદેવતા તરીકે રામદેવપીરનું સ્થાન અને માન, રામદેવપીરનો પ્રમાણભૂત સમય, સંદર્ભ દ્વારા રાજસ્થાની ભાષામાં રચાયેલું સાહિત્ય અને તેનું ગુજરાતીકરણ પામેલું સાહિત્ય, રામાપીરનો ગુજરાતી સાહિત્ય ઉપર પ્રભાવ, રામદેવપીરના પુરોગામી પાટઉપાસકો, રામદેવપીરના જીવન-કવન વિષયક ઐતિહાસિક-પુરાતત્વીય પુરાવા, રામદેવપીરનો સમય, રામદેવપંથી ભજનવાણીનો સ્વરદેહ અને શબ્દદેહ અને ભજનસ્વરૂપ વિશે-સંતવાણી વિશે સૈધ્ધાંતિક ચર્ચા છે જે સંશોધકોને ઉપયોગી નીવડે તેવી છે. રામદેવજી પીરના જીવનની વિગતોમાં તેમનું સર્જનાત્મક સાહિત્યમાં 'આગમપ્રમાણ', 'મહેંદીપ્રમાણ', 'મેઘડીપ્રમાણ', 'ચોવીસપ્રમાણ' અને ભજરચનાઓની માહિતી, સૌરાષ્ટ્રના દરિયાકાંઠેથી છેક જાફરબાદથી દ્વારકા-ઓખા સુધીનાં રામદેવપીરનાં શિખરબંધ મંદિરોની રણુંજા ખાતે અને અન્ય સ્થળોએ સ્મારકો છે પરંતુ ગુજરાતમાં જૂનામાં જૂનું સ્મારક કચ્છમાં હબા ડુંગર ઉપર આવેલો નાથ ધૂણો છે. પરંપરાગત અનુશ્રુતી અનુસાર રામદેવજી મહારાજે આ સ્થળે તપ કર્યું હતું. આ સ્થાન નાથ સ્થાન તરીકે અને રામદેવપીરની જગ્યા તરીકે પ્રસિધ્ધ છે. રામદેવજી પીરનાં ભજનવાણીનો સ્વરદેહ અને શબ્દદેહ, રાગ, ઢાળ, રામદેવજીપીરની મૂળ રાજસ્થાની પરંપરાઓ, હેલો, સાવળ, આગમવાણી પણ પ્રસ્તુત કરવામાં આવેલ છે.

તદ્‌પરાંત પથ્થરમાં કંડારાયેલ મહાકાલી શકિતપાટ-પૂજનનો એક ઐતિહાસિક નમૂનો અને પંચમિયો પાટના ચિત્ર પણ આ ગ્રંથનું અંગ છે.

આ પંથના સાહિત્યમાં (૧) બીજમાર્ગ, લે. નાથાલાલ મંડલી (૨) જેસલ તોરલ, લે. મોહનપુરી ગોસ્વામી, (૩) સૌરાષ્ટ્રના હરિજન ભકત કવિઓ, લે. નાથાલાલ ગોહિલ, (૪) તંત્ર સાધના અને મહાપંથ અને અન્ય લેખો. લે. રાજેન્દ્રસિંહ રાયજાદા, (૫) બીજ મારગી ગુપ્ત પાટઉપાસના અને મહાપંથી સંતોનીવાણી, લે.નિરંજન રાજયગુરુ (૬) સંતવાણી : તત્વ અને તંત્ર, લે. બળવંત જાની, (૭) મહાધરમ તેની પાટપરંપરા અને વાણી, લે. સત્યા પઢિયારનાં પુસ્તકોનો સમાવેશ થાય છે, તેમાં 'જયોતે ને પાટે રે પ્રગટયા અલખધણી' પુસ્તક ઉમેરાય છે. જે આ પંથના ભકતો જ નહિં પણ આ ક્ષેત્રના સંશોધકો અને ભાવકો માટે પણ એક નજરાણું છે.

બી. જે. અંકુયા
ઈન્ચાર્જ લાઈબ્રેરિયન

## દક્ષિણાયન

### પ્રતિભાવ

આદરણીય તથા પ્રિયશ્રી ડૉ. પ્રો. બી.એ. પ્રજાપતિજી. વંદન.

'દક્ષિણાયન'ના પ્રાગટય ટાણે ખૂબ ખૂબ અભિનંદન તથા શુભેચ્છાઓ. વિશ્વવિદ્યાલયને પોતાનું મુખપત્ર હોય તે - આ સમયમાં તો- અનિવાર્ય બન્યું છે. મુખપત્ર માત્ર દસ્તાવેજીકરણ નથી કરતું; એ ઉપરાંત એ યુનિવર્સિટીની ગતિ-પ્રગતિ અને જ્ઞાન-ઉપાસના માટેની પ્રતીતિ કરાવે છે. મુખપત્ર આપણા જીવતા જાગતા ને કર્મઠ અસ્તિત્વની સાહેદી પૂરે છે. પ્રેરણા પણ આપે છે.

તમે 'ઉદીચ્ય'માં લખેલા કુલપતિની કલમે-આદિવચન-મને ગમ્યા હતા. આ પ્રથમાંકનો તમારો સંદેશ-લેખ સર્વ રીતે સરસ થયો છે. નર્મદના જીવનકાર્યનો પરિચય નવી પેઢીને આપવો જરૂરી હતો.

આખો અંક, પ્રિન્ટીંગ-લે-આઉટ-મેટર-રજૂઆત સર્વ વાતે દીપી ઊઠયો છે. સૌને પુનઃ અભિનંદન.

પ્રો. મણિલાલ હ. પટેલ,
વલ્લભ વિદ્યાનગર

સૂરત તું લંકારૂપ, સૂનું ઊછળતું સંઘે;
રાય રંક સહુ ભાઈ, સંપમાં રહેતા બંધે.

- નર્મદ

VNSGU
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY, SURAT

**Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat**
Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.sgu.ernet.in

**Editor : B J Ankuya, Incharge University Librarian, VNSGU Central Library, Surat. Published by : Shri J R Mehta, Registrar, VNSGU, Surat.**
Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : info@kliksolutions.com